ગુજરાત રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી
ચીફ ટાઉન પ્લાનર અને વેલ્યુએશન ઓફિસ,
સેકટર–૧૦/એ. સેન્ટ ઝેવીયર્સ સ્કુલ સામે,
(૦૭૯–૨૩૨૫૪૧૦૧)ગાંધીનગર.
chairmanrera@gujarat.gov.in

ડો. મંજુલા સુબ્રમણ્યમ, IAS (Ret.)
અધ્યક્ષ (ગુજરેરા)

==========================================================================

નંબર:ગુજરેરા/ ૭૭ તારીખઃ– ૨૬/૯/૨૦૧૭

**<u>આમુખ :–</u>**

રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ) એકટ–૨૦૧૬, ગુજરાતમાં તા.૦૧/૦૫/૨૦૧૭ થી લાગુ કરવામાં આવેલ. અને આ અધિનિયમની કલમ–૨ (ઝેડ એચ) મુજબ નીચે દર્શાવ્યા મુજબના પ્લાનીગ વિસ્તારોમાં આ અધિનિયમની કલમ–૩ (૧) મુજબ કોઈ પણ વિકાસકાર રેરા કાયદા હેઠળ રજીસ્ટ્રશન કરાવ્યા વગર વિકાસ કરી શકતો નથી. જેથી રાજયમાં નીચે મુજબના પ્લાનીગ વિસ્તાર માટે,

1. નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ–૧૯૭૬ હેઠળ જાહેર થયેલ સત્તામંડળો
2. એસ.આઈ.આર. એકટ હેઠળ જાહેર કરેલ સત્તામંડળ
3. જી.આઈ.ડી.સી.એકટ હેઠળ જાહેર થયેલ એસ્ટેટ

સદર કાયદા હેઠળ પ્લાનીગ વિસ્તારમાં પ્રોજેકટ રજીસ્ટ્રેશન માટે અપનાવવામાં આવેલ કાર્યપધ્ધતિ અંતર્ગત, પ્લાનીગ વિસ્તાર સિવાયના પ્રોજેકટ માટે પણ અરજદારશ્રીઓ ધ્વારા અરજી કરવામાં આવે છે જેનો અસ્વિકાર કરવાની પરિસ્થિતી ઉપસ્થિત થાય છે. લોકોને આવી પરિસ્થિતિમાંથી મુકત કરવા સારૂ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>હુકમ :–</u>**

રેરા અધિનિયમ–૨૦૧૬ ની કલમ–૨ (ઝેડ એચ) ની જોગવાઈ મુજબ આ સાથે સામેલ પત્રકમાં દર્શાવ્યા મુજબના વિસ્તારોમાં અલગ અલગ વિકાસકારો ધ્વારા પ્રોજેકટ માટે રેરા અધિનિયમની કલમ–૩ હેઠળ રેરા પાસે રજીસ્ટ્રેશન કરાવવુ જરૂરી છે. છેલ્લા ત્રણ માસમાં આ વિસ્તાર સિવાયના વિકાસકારો પણ રજીસ્ટ્રેશન માટે અરજી કરતા હોય તેવુ ધ્યાન પર આવેલ છે. અને આ અરજીઓ સંદર્ભે નિર્ણય લેવામાં સમય લાગે છે. આવી અરજીઓ નિવારી શકાય તે માટે, તા.૨૯/૦૬/૨૦૧૭ ના હુકમથી રાજયમાં અલગ અલગ અધિકારીશ્રીઓને અરજી સ્વીકારવાની સત્તાઓ સોંપવામાં આવેલ છે તે અધિકારીઓ જયારે અરજી સ્વીકારે ત્યારે,

પ્લાનીગ એરીયા માટેની અરજી છે કે કેમ ? તે અંગેની યોગ્ય ચકાસણી કરે અને પ્લાનીગ એરીયા બહારની અરજી હોય તો તે પરત કરી અને રેરા ઓથોરીટીને જાણ કરવા આથી હુકમ કરવામાં આવે છે.

સાથોસાથ આવી અરજીઓ બારોબાર ગુજરાત રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી ગાંધીનગરની કચેરીને મળે છે, તે અરજીઓ, આ કચેરીના તા–૨૯/૦૬/૨૦૧૭ ના હુકમ અનુસાર સંબંધિત અધિકારીશ્રીને પાઠવી આપવામાં આવશે અને તેનો નિકાલ સંબંધિત અધિકારીશ્રીએ આ કચેરીની જાણ હેઠળ કરવા આથી હુકમ કરવામાં આવે છે.

બિડાણ–પત્રક.

F/c ડો. મંજુલા સુબ્રમણ્યમ, IAS (Ret.)
અધ્યક્ષ

<u>નકલ રવાના જાણ તથા જરૂરી કાર્યવાહી થવા સારૂઃ–</u>

- અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(હાઉસીગ) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય નગર નિયોજકશ્રી, નગર આયોજન અને મુલ્યાંકન ખાતુ, ગુજરાત રાજય, ગાંધીનગર તરફ સંબંધિત અધિકારીશ્રીઓને આ હુકમની જાણ કરવા સાથોસાથ આવી કાર્યવાહી સત્વરે થાય અને હુકમ મુજબ તેની જાણ ગુજરાત રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી, ગાંધીનગરની કચેરી તેમજ મુખ્ય નગર નિયોજકશ્રીની કચેરીને કરવામાં આવે તેવી સુચના આપવા સારૂ.
- નિયામકશ્રી, નગરપાલિકાઓ, ગુજરાત રાજય, જુના સચિવાલય, ગાંધીનગર.
- સંયુકત સચિવશ્રી(ન.આ.), શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

# પત્રક

| અ.નં. | વિસ્તાર |
| --- | --- |
| ૧ | અમદાવાદ મહાનગરપાલિકા તથા અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ (ઔડા) |
| ૨ | અમદાવાદ અને ગાંધીનગર જીલ્લા (અમદાવાદ મહાનગરપાલિકા તથા ઔડા વિસ્તાર સિવાય), નડીયાદ, આણંદ, ગોધરા, દાહોદ, બોટાદ, સુરેન્દ્રનગર અને મહીસાગર જીલ્લા |
| ૩ | મહેસાણા, પાલનપુર, હિમ્મતનગર, પાટણ, ભુજ, અરવલ્લી જીલ્લા |
| ૪ | સુરત મહાનગરપાલિકા તથા સુરત શહેરી વિકાસ સત્તામંડળ (સુડા) |
| ૫ | સુરત જીલ્લો (સુરત મહાનગરપાલિકા તથા સુડા સિવાય), રાજપીપલા, નવસારી, તાપી, વલસાડ અને ડાંગ જીલ્લા |
| ૬ | વડોદરા, છોટાઉદેપુર, ભરૂચ જીલ્લા |
| ૭ | રાજકોટ, જામનગર, ભાવનગર, જુનાગઢ, અમરેલી, પોરબંદર, મોરબી, દ્વારકા, ગીર–સોમનાથ જીલ્લા |